શેરબજાર સંપૂર્ણપણે કડડભૂસ : ૮૫૫ પોઈન્ટ ડાઉન

મુંબઈ,તા. ૬

શેરબજાર આજે સંપૂર્ણપણે કડડભુસ થઈ ગયું હતું. શેરબજારમાં ઈતિહાસમાં એક દિવસનો સાતમો સૌથી મોટો ઘટાડો નોંધાયો હતો. વૈશ્વિક બજારમાં મંદી, વૈશ્વિક ક્રૂડની કિંમતમાં તીવ્ર ઘટાડો અને અન્ય વિવિધ પરિબળોના પરિણામ સ્વરુપે સેંસેક્સમાં મોટો કડાકો બોલી ગયો હતો. વૈશ્વિક ક્રૂડની કિંમતમાં ઘટાડા બાદ વૈશ્વિક ગ્રોથમાં મંદીના વાદળો ઘેરાઈ ગયા છે. સાથે સાથે ગ્રીસમાં રાજકીય અનિશ્ચિતતાની અસર પણ બજારમાં જોવા મળી હતી. આજે કારોબારના અંતે સેંસેક્સ ૮૫૫ પોઈન્ટ ઘટીને ૨૬૯૮૭ની સપાટીએ રહ્યો હતો. સેંસેક્સે ૨૭૦૦૦ની સપાટી ગુમાવી દીધઈ હતી. નિફ્ટી ૨૫૧ પોઈન્ટ ઘટીને ૮૧૨૭ની સપાટીએ રહ્યો હતો. વૈશ્વિક બજારમાં અફડાતફડીની અસર પણ જોવા મળી હતી. છઠ્ઠી જુલાઈ ૨૦૦૯ના દિવસે સેંસેક્સમાં ૮૭૦ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો જ્યારે નિફ્ટીમાં ૨૫૯ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો. બ્રોડરે માર્કેટમાં બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ઘટાડો રહ્યો હતો. ફ્રન્ટલાઈનરમાં આશરે ત્રણ ટકાનો ઘટાડો રહ્યો હતો. બીએસઈમાં માર્કેટ બ્રીડ્થ તીવ્ર નકારાત્મક રહી હતી. ૨૨૫૩ શેરમાં મંદી રહી હતી જ્યારે ૬૪૪ શેરમાં તેજી રહી હતી. તેલ કિંમતોમાં આજે જોરદાર ઘટાડો રહ્યો હતો. વૈશ્વિક સપ્લાય અને નબળી માંગની અસર જોવા મળી હતી. વૈશ્વિકરીતે કારોબારીઓ જોખમ લેવા તૈયાર દેખાઈ રહ્યા નથી. આજે શેરબજારમાં તમામ સેક્ટરલ ઈન્ડેક્સ મંદીમાં રહ્યા હતા.



તમામે ૧૨ ઈન્ડેક્સમાં ૧.૪થી ૪.૨ ટકાનો ઘટાડો રહ્યો હતો. ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં ૪.૨ ટકાનો ઘટાડો રહ્યો હતો. રિયાલીટી, બીએસઈ મેટલ, કેપિટલ ગુડ્ઝ ઈન્ડેક્સમાં સૌથી વધુ ઘટાડો રહ્યો હતો. બીએસઈ મેટલ અને કેપિટેલ ગુડ્ઝમાં ક્રમશઃ ૩.૫ અને ૩.૨ ટકાનો ઘટાડો રહ્યો હતો. જ્યારે રિયાલીટીમાં ૩.૬ ટકાનો ઘટાડો રહ્યો હતો. ૩૦ સેંસેક્સ શેર પૈકી ૨૨માં બે ટકાથી વધુનો ઘટાડો રહ્યો હતો. એચયુએલમાં સુધારો રહ્યો હતો તેમાં બે ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. કોલ ઈન્ડિયામાં ફ્લેટ સ્થિતિ રહી હતી. બેંકિંગ શેરમાં દબાણની સ્થિતિ રહી હતી. બે દિવસીય બેંકિંગ કોન્ક્લેવ દરમિયાન કેટલાક સુધારાની વાત ન થતાં બેંકિંગ શેરમાં ફ્લેટ સ્થિતિ રહી હતી. મેટલના શેરમાં દબાણની સ્થિતિ રહી હતી. હિન્ડાલ્કોમાં ૨.૫ ટકાનો ઘટાડો રહ્યો હતો. સેસા સ્ટરલ ાઈટ અને તાતા સ્ટીલમાં પાંચ ટકાથી વધુનો ઘટાડો રહ્યો હતો. ભેલ અને તાતા મોટર્સમાં ચાર ટકાથી વધુનો ઘટાડો રહ્યો હતો. હિરો મોટો, એલ એન્ડ ટી, એનટીપીસી, ટીસીએસ અને તાતા પાવરમાં ત્રણ ટકાથી વધુનો ઘટાડો રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં ગઈકાલે સોમવારે પણ ઘટાડો રહ્યો હતો. કારોબારના અંતે સોમવારે સેંસેક્સ ૪૬ પોઈન્ટ ઘટીને ૨૭૮૪૨ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૭ પોઈન્ટ ઘટીને ૮૩૭૮ની સપાટીએ રહ્યો હતો. જો કે, બ્રોડર માર્કેટમાં સ્થિતિ જુદી રહી હતી. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૧-૦.૨ ટકા સુધીનો સુધારો રહ્યો હતો. સોમવારે બીએસઈમાં માર્કેટ બ્રીડ્થ હકારાત્મક રહી હતી.

૧૯૯૫માં પંજાબના પૂર્વ મુખ્યમંત્રીની હત્યા થઇ

થાઈલેન્ડમાં બીઅંતસિંહનો હત્યારો અંતે ઝડપાઈ ગયો

નવીદિલ્હી, તા. ૬

થાઈલેન્ડની પોલીસે પંજાબના ભૂતપૂર્વ મુખ્યમંત્રી બેઅંત સિંહ અને અન્ય કેટલાકની ૧૯૯૫માં ઘાતકી હત્યાના સંદર્ભમાં ફરાર શીખ ત્રાસવાદીને આજે પકડી પાડ્યો હતો. થાઈલેન્ડ નેશનલ પોલીસના પ્રવક્તા લેફ્ટી. જનરલે કહ્યુંહતું કે, ૩૭ વર્ષીય ગુરમિતસિંહ ઓક્ટોબર મહિનામાં થાઈલેન્ડમાં પ્રવેશ્યો હતો. સોમવારના દિવસે ચોનબુરી પ્રાંતમાંથી તેની ધરપકડ કરવામાં આવી હતી. અધિકારીઓએ કહ્યું છે કે, અન્ય વિવિધ મામલાઓમાં આ શખ્સની સંડોવણી છે કે કેમ તેમાં તપાસ ચાલી રહી છે. ગુરમિતસિંહની પુછપરછ થઈ રહી છે. ચોનબુરી પ્રાંતિય પોલીસના સૈનિકોની ટુકડીએ એક દરોડો પાડ્યો હતો અને તેની ધરપકડ કરી હતી. વર્ષ ૧૯૯૫માં બ્લાસ્ટ કરવાના સંદર્ભમાં સિંહ અને અન્ય છને અપરાધી ઠેરવવામાં આવ્યા હતા. અધિકારીઓએ મકાન માલિક અને પાકિસ્તાની નાગરિક અલી અલતની ધરપકડ કરી હતી. બીજી બાજુ અલતનું કહેવું છે કે, સિંહના ક્રિમિનલ બેકગ્રાઉન્ડ ધરાવતા ન હતા. બંનેને નોંગ પોલીસ સ્ટેશનમાં લઈ જવામાં આવ્યા હતા. સિંહ બનાવટી પાસપોર્ટના આધાર પર પ્રવાસ કરી રહ્યો હતો. તે ૨૦૦૪માં જેલમાંથી ફરાર થઈ ગયો હતો. હાલમાં જ મોટી સરકારે આ સંદર્ભમાં થાઈલેન્ડ સરકાર ઉપર દબાણ લાવ્યું હતું જેમાં હવે સફળતા હાથ લાગી છે.

ટીમ ઈન્ડિયાના ૧૫ યોદ્ધાઓ

મુંબઈ, તા. ૬

ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં રમાનાર આગામી વર્લ્ડ

કપ માટેની ટીમની આજે જાહેરાત કરી દેવામાં આવી હતી. ૧૫ સભ્યોની ટીમમાં યુવરાજનો સમાવેશ કરવામાં આવ્યો નથી. ધોનીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયામાં અક્ષર પટેલ, સ્ટુઅર્ટ બિન્નીનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે યુવરાજનો સમાવેશ ન કરાતા તર્ક વિતર્કોનો દોર શરૂ થયો છે. ઈજાગ્રસ્ત રવિન્દ્ર જાડેજા અને અક્ષર પટેલનો સમાવેશ ૧૫ સભ્યોની ટીમમાં થયો છે. આગામી મહિનામાં વર્લ્ડકપની શરૂઆત થઈ રહી છે. ઓલરાઉન્ડર સ્ટુઅર્ટ બિન્ની અને બેટ્સમેન રાયડુનો સમાવેશ કરાયો છે. મુંબઈમાં પસંદગી સમિતિની મહત્વપૂર્ણ બેઠક યોજાયા બાદ બીસીસીઆઈના સેક્રેટરી સંજય પટેલ દ્વારા આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી. જો કે, પસંદગીકારોએ યુવરાજની અવગણના કરી હતી. ખરાબ ફોર્મમાં રહેલા શિખર ધવને સ્થાન જાળવી રાખ્યું છે. મુરલી વિજય, રોબિન ઉથ્થપા, મનોજે તિવારીનો સમાવેશ કરવામાં આવ્યો નથી. ૧૪મી ફેબ્રુઆરીથી ૨૯મી માર્ચ દરમિયાન વર્લ્ડકપનું આયોજન કરવામાં આવ્યું છે. અક્ષર પટેલે હાલમાં રમાયેલી વનડે મેચોમાં સારો દેખાવ કર્યો છે. ૨૦ વર્ષીય અક્ષર પટેલે હાલમાં તમામનું ધ્યાન ખેંચ્યું છે. ઓસ્ટ્રેલિયામાં રમાનારી ત્રિકોણીય શ્રેણી માટે પણ ટીમની પસંદગી કરાઈ છે.

વર્લ્ડકપ ટીમ : ધોની (કેપ્ટન), ધવન, રોહિત શર્મા, રહાણે, સુરેશ રૈના, વિરાટ કોહલી, રાયડુ, જાડેજા, અશ્વિન, અક્ષર પટેલ, ભુવનેશ્વર કુમાર, ઈશાંત શર્મા, સામી, સ્ટુઅર્ટ બિન્ની, ઉમેશ યાદવ.

ત્રિકોણીય શ્રેણી ટીમ : ધોની (કેપ્ટન), ધવન, રોહિત શર્મા, રહાણે, કોહલી, સુરેશ રૈના, રાયડુ, જાડેજા, અશ્વિન, પટેલ, ભુવનેશ્વરકુમાર, ઈશાંત, સ્ટુઅર્ટ બિન્ની, ઉમેશ યાદવ, ધવલ અને મોહિત.

ડોન દાઉદ પ્રશ્ને પાકિસ્તાન પર દબાણ વધારવા તૈયારી

નવી દિલ્હી,તા. ૬

અંડર વર્લ્ડ ડોન અને ભારતના મોસ્ટ વોન્ટેડ ત્રાસવાદી દાઉદ ઈબ્રાહિમના મામલે પાકિસ્તાન પર તીવ્ર દબાણ વધારવા માટે ભારત સરકારે કમર કસી લીધી છે. દાઉદ મુદ્દે પાકિસ્તાનને મુશ્કેલમાં મુકવાના પ્રયાસ શરૂ કરી દેવામાં આવ્યા છે. ભારતમાં અનેક ત્રાસવાદી હુમલાને અંજામ આપનાર દાઉદ હાલમાં પાકિસ્તાનમાં કોઈ જગ્યાએ છુપાયેલો છે. ભારત સરકાર ટુંક સમયમાં જ આ ત્રાસવાદીને ભારતને સોંપી દેવા માટે તીવ્ર દબાણ પાકિસ્તાન પર લાવશે. આંતરરાષ્ટ્રીય મંચ પર પણ આ મુદ્દો ઉઠાવવામાં આવે તેવી શક્યતા છે. કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથસિંહ પણ પણ આવો સંકેત આપી ચુક્યા છે. લોકસભાની ચૂંટણી દરમિયાન પ્રચાર વેળા નરેન્દ્ર મોદીએ અનેક વખત દાઉદના મુદ્દે વાત કરી હતી. રાજનાથસિંહે કહ્યું છે કે દાઉદને પકડીને તેને સજા આપવા માટે ભારત સરકાર ગંભીર છે. તેમણે કહ્યું હતું કે અગાઉની સરકાર વધારે ગંભીર દેખાઈ ન હતી. સાથે સાથે અગાઉની સરકારે તેને પકડી પાડવા માટે ગંભીર દેખાઈ ન હતી. રાજનાથસિંહે કહ્યું છે કે દાઉદ હાલમાં પાકિસ્તાનમાં છે. તે દેશના સૌથી મોટા દુશ્મન તરીકે છે. ભારત સરકાર પોતાના આ દુશ્મનને પકડી પાડવા તમામ પ્રયાસ કરશે. રાજનાથે કહ્યું હતું કે સરકાર એવુ દબાણ પાકિસ્તાન પર લાવશે કે તેના અડ્ડા સુધી સરળતાથી પહોંચી શકાશે.

વૈશ્વિક ક્રૂડ કિંમતમાં સાડા પાંચ વર્ષની નીચી સપાટી

મુંબઈ,તા. ૬

વૈશ્વિક ક્રૂડ ઓઈલની કિંમતમાં તીવ્ર ઘટાડાના કારણે શેરબજાર કડડભુસ થઈ ગયું હતું. તેલ કિંમતોમાં સાડા પાંચ વર્ષની નીચી સપાટી જોવા મળી હતી. ક્રૂડ ઓઈલ બેંચમાર્ક બ્રેન્ટ અને યુએસ લાઈટ ક્રૂડમાં ઉલ્લેખનીય ઘટાડો નોંધાયો હતો. ક્રૂડની કિંમતમાં ઘટાડો થવા માટે ઘણા પરિબળો જવાબદાર રહ્યા છે. ઓઈલના શેર આજે ક્રૂડ ઓઈલની કિંમતમાં દબાણ હેઠળ મોટો ઘટાડો રહ્યો હતો. ઉદાસીન માંગણી અને વૈશ્વિક સપ્લાયના સરપ્લસ અંગે ચિંતાને લઈને ક્રૂડમાં સાડા પાંચ વર્ષની નીચી સપાટી જોવા મળી હતી. ગેલના શેરમાં ૩.૨ ટકા અને આરઆઈએલ, ઓએનજીસીમાં પાંચથી છ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. ભેલ અને તાતા મોટર્સમાં ચાર ટકાનો ઘટાડો રહ્યો હતો. એશિયન બજારમાં પણ મંદી રહી હતી. જાપાનના નિક્કીમાં ૧૦ મહિનાની સૌથી નીચી સપાટી જોવા મળી હતી. યુરો ઝોનમાં ગ્રીસના ભાવિને લઈને અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે.

સુનંદાએ આત્મહત્યા કરી ન હતી પણ હત્યા થઈ હતી

નવીદિલ્હી, તા. ૬

દિલ્હી પોલીસે આજે ધડાકો કર્યો હતો કે, કોંગ્રેસના વરિષ્ઠ નેતા શશી થરુરના પત્નિ સુનંદા પુષ્કરે આત્મહત્યા કરી ન હતી પરંતુ તેની હત્યા કરવામાં આવી હતી. પોલીસના આવા ઘટસ્ફોટથી સમગ્ર મામલામાં હવે નવો વળાંક આવી ગયો છે. બીજી બાજુ ભાજપના વરિષ્ઠ નેતા સુબ્રમણ્યમ સ્વામીએ કહ્યું છે કે, સુનંદા પુષ્કર કેટલીક વાસ્તવિકતા કહેવા ઈચ્છુક હતી પરંતુ તેની હત્યા થઈ ગઈ હતી. તે કેટલીક મહત્વપૂર્ણ બાબત જાણતી હતી અને જાહેર કરવા ઈચ્છુક હતી જેથી તેની હત્યા થઈ હતી. આ ઘટસ્ફોટથી કોંગ્રેસના નેતા શશી થરુર ઉપર દબાણ વધે તેવા સંકેત છે. શશી થરુરની પુછપરછ કરવામાં આવે તેવા સંકેત પણ દેખાઈ રહ્યા છે. દિલ્હી પોલીસ દ્વારા નોંધવામાં આવેલા કેસ અંગે સંતોષ વ્યક્ત કરતા તેમણે કહ્યું હતું કે, આખરે વાસ્તવિક બાબત સપાટી ઉપર આવી છે. આઈપીસીની કલમ હેઠળ દિલ્હી પોલીસે હત્યાનો કેસ દાખલ કર્યો છે. સ્વામીએ દાવો કર્યો હતો કે, શશી થરુર ખોટી વાત કરી રહ્યા છે અને વાસ્તવિકતા છુપાવી રહ્યા છે. સ્વામી એવા હાઈપ્રોફાઈલ વ્યક્તિ છે જે વ્યક્તિએ પહેલાથી જ કહ્યું હતું કે,

આ મામલામાં ચોક્કસપણે કોઈ રમત સંજોગોમાં મૃત હાલતમાં મળી આવી રમાઈ છે. સુનંદા પુષ્કર ૧૭મી જાન્યુઆરી ૨૦૧૪ના દિવસે લકઝરી હોટલમાં રહસ્યમય હતી. સુનંદાના મોતના પાંચ સપ્તાહ બાદ જ સ્વામીએ દાવો કર્યો હતો કે, સુનંદાની ખુબ જ પ્રોફેશનલરીતે હત્યા કરવામાં આવી છે. સુનંદાના મોત કેસમાં કોર્ટ દ્વારા નિરીક્ષણ હેઠળ તપાસ ચાલી રહી છે. સ્વામીએ કહ્યું હતું કે, શશી થરુરની પત્નિની હત્યા રશિયન ઝેરથી કરાઈ છે તેવા પુરતા પુરાવા રહેલા છે. કેસમાં અરજી દાખલ કરવાના તેમના નિર્ણયની તેમણે જાહેરાત કરી હતી. ભાજપના નેતાએ આ સમગ્ર મામલામાં સીબીઆઈ તપાસની માંગ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. સુનંદાના મામલામાં આઈપીસીની કલમ ૩૦૨ હેઠળ કેસ નોંધીને તપાસ હાથ ધરાઈ છે. એમ્સ તરફથી મેડિકલ અહેવાલ મળી ચુક્યો છે. સુનંદાને ઝેર આપવામાં આવ્યું હતું. તેને ઈન્કજેક્શન મારફતે અથવા તો મો મારફતે દવા પીવડાવવામાં આવી હતી. મેડિકલ અને ફોરેન્સિક રિપોર્ટના આધાર પર આ તારણ આવ્યા છે. કુદરતી મોત સુનંદાનું ન હતું. દિલ્હી પોલીસના વડા બસ્સીએ આજે આ મુજબની વાત કરી હતી. ઝેરના કારણે તેનું મોત થયું હતું. ૨૯મી ડિસેમ્બરના દિવસે તેને મેડિકલ રિપોર્ટ મળ્યો હતો. પુષ્કરને કેટલા પ્રમાણમાં ઝેર અપાયું હતું તેમાં તપાસ ચાલી રહી છે. આ હત્યા કેસ વણઓળખાયેલા લોકો સામે નોંધવામાં આવ્યો છે. સુનંદા પુષ્કરના મોતના મામલામાં અગાઉ પણ અનેક વખત વળાંક આવી ચુક્યા છે. હવે સ્થિતિ વધુ ગંભીર બને તેવી શક્યતા છે. સુનંદાના મોતના એક દિવસ પહેલા થરુર અને પુષ્કરે સંયુક્ત નિવેદન જારી કર્યું હતું જેમાં જણાવાયું હતું કે, બંને વચ્ચે વિખવાદ રહેલા છે. મેડિકલ તપાસમાં વારંવાર અનેક વળાંક લાવી ચુકી છે.

સરહદે બીએસએફ ચોકીઓ પર ગોળીબાર યથાવત જારી

જમ્મુ,તા. ૬

પાકિસ્તાની જવાનોએ જમ્મુ કાશ્મીરના જુદા જુદા ભાગોમાં ભીષણ ગોળીબાર યથાવતરીતે જારી રાખ્યો છે. આજે પણ કથુઆ અને સાંબા જિલ્લામાં બીએસએફની ચોકીઓ ઉપર જોરદાર ગોળીબાર કરાયો હતો જેથી વિસ્ફોટક સ્થિતિ રહી હતી. સરહદી વિસ્તારમાંથી ૧૦૦૦૦થી વધુ લોકોને ખસેડવામાં આવી ચુક્યા છે. આ ખસેડવાનો દોર હજુ પણ જારી રહ્યો છે. પાકિસ્તાની સેના દ્વારા કરાઈ રહેલા ગોળીબારના કારણે લોકોમાં દહેશત ફેલાયેલી છે. ગઈકાલે પાકિસ્તાની સૈનિકોએ સાંબા જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર મોર્ટારનો મારો ચલાવ્યો હતો જેમાં બીએસએફના એક જવાનનું મોત થયું હતું. પરિસ્થિતિ ખુબ જ વિસ્ફોટક બનેલી છે. બીએસએફના ડિરેક્ટર જનરલ બીકે પાઠકે કહ્યું છે કે, જમ્મુ કાશ્મીરમાં આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશરેખા પર સતત ગોળીબાર કરાઈ રહ્યો છે. પાઠકે ગઈકાલે કેન્દ્રીય ગૃહપ્રધાન રાજનાથસિંહને પણ ગોળીબાર અંગે માહિતી આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૪માં પાકિસ્તાન દ્વારા ૫૫૦ વખત યુદ્ધ વિરામનો ભંગ કરવામાં આવ્યો હતો.

આનો મુખ્યે હેતુ ત્રાસવાદીઓને ઘુસાડી દેવાનો હતો. આની સાથે જ છેલ્લા ૧૧ વર્ષમાં સૌથી વધુ વખત યુદ્ધવિરામનો ભંગ કરાયો હતો. સેના દ્વારા આપવામાં આવેલા આંકડામાં જણાવાયું હતું કે વર્ષ ૨૦૧૪માં પાકિસ્તાન દ્વારા કરવામાં આવતા યુદ્ધવિરામના ભંગમાં ૧૫૮ ટકા સુધીનો વધારો થયો હતો. અંકુશ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ પર નાગરિક વિસ્તારો અને અગ્રીમ ચોકીઓને ટાર્ગેટ બનાવી પાકિસ્તાની સૈનિકો દ્વારા સતત ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. ગોળીબારના કારણે ૩૨ હજાર લોકોને તેમના ઘર છોડી દેવાની ફરજ પડી છે.

દહેરાદૂન ખાતે મુખ્યમંત્રી હરિશ રાવતે પોતાના નિવાસસ્થાને ડબલ્યુ ડબલ્યુ એફ કુસ્તીબાજ ગ્રેટ ખલીને સન્માન્યા હતાં.

પાકનો ધ્વજ લહેરાવવા બદલ ૭ની ધરપકડ થઈ

નવીદિલ્હી, તા. ૬

ગ્વાલિયરમાં પાકિસ્તાની ધ્વજની ઈમેજ સાથે બેનર મુકવા બદલ સાત યુવાનોની ધરપકડ કરવામાં આવી છે. ઝડપાયેલામાં છ મુસ્લિમ અને એક હિન્દુ યુવાન હોવાનું જાણવા મળ્યું છે. ઈદે મિલાદના પ્રસંગે પાકિસ્તાની પ્રિન્ટેડ ફ્લેગની સાથે હોર્ડિંગ મુકવા બદલ આ તમામની ધરપકડ કરાઈ છે. હિન્દુ સંગઠન દ્વારા કોટવાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરાયા બાદ તેમની ધરપકડ કરાઈ છે.

કોર્પોરેટ-ઈન્કમટેક્ષમાં કાપની બજેટ પૂર્વે જોરદાર માંગ

નવીદિલ્હી, તા.૬

કોર્પોરેટ ટેક્સ અને ઇન્કમટેક્સમાં કાપ મુકવાની જોરદાર રજૂઆત ભારતીય કંપની અને ઉદ્યોગજગત તરફથી કરવામાં આવી ચુકી છે. કોર્પોરેટ અને સાથે સાથે વ્યક્તિગતો ઉપર ટેક્સ રેટમાં ઘટાડો કરવાની માંગ તીવ્ર બની છે. આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવાની માંગ થઇ ચુકી છે. નાણા મંત્રી અરુણ જેટલી સાથેની બજેટ પહેલાની લાંબી વાતચીત દરમિયાન ઉદ્યોગજગતે ઇન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં જાહેર ખર્ચમાં વધારો કરવાની માંગ કરી હતી. સાથે સાથે મેક ઇન ઇન્ડિયા ઝુંબેશને પ્રોત્સાહન આપવા સુધારા પ્રક્રિયાને ઝડપી કરવાની પણ માંગ કરી હતી. સીઆઈઆઈના પ્રમુખ અજય શ્રીરામે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, ખુબ સારી વાતચીત થઇ છે. મેટના રેટ મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા ૧૦ ટકા સુધી મર્યાદિત રહે તે જરૂરી છે. બીજી બાજુ સેઝમાં યુનિટો અને ડેવલપર્સને પણ મેટ અને ડીડીટીમાંથી રાહત મળે તે જરૂરી છે. તેમણે ઉમેર્યું હતું કે, અર્થતંત્ર રિકવરીના માર્ગ ઉપર છે તેવા ઘણા સંકેત મળી રહ્યા છે. એક બાબત નિશ્ચિત છે કે બજાટમાં નવા પ્રાણ ફૂંકાય તે જરૂરી છે.

સીઆઈઆઈએ એગ્રીકલ્ચર ગ્રોથને પ્રોત્સાહન આપવા માટે સૂચન કરવામાં આવી ચુક્યું છે. ફિક્કીના પ્રમુખ જ્યોત્સના સુરીએ કહ્યું છે કે, આક્રમક મહેસુલી સુધારાથી દૂર હટવાના પ્રયાસ થઇ રહ્યા છે. ઇન્ડસ્ટ્રીયલનું કહેવું છે કે, રિઝર્વ બેંકે માંગ અને મૂડીરોકાણને પ્રોત્સાહન આપવા વ્યાજના`દરોમાં કાપ મુકવા જોઇએ. જનરલ એન્ટી એવોઇડન્સ રુલ અંગે પૂછવામાં આવતા ઉદ્યોગ જગત દ્વારા કેટલીક રજૂઆત કરવામાં આવી છે. વપરાશ અને બચતના સંદર્ભમાં સીઆઈઆઇનું કહેવું છે કે, કરવેરા મુક્તિ મર્યાદાને વધારીને પરિવારની આવક વધારવામાં આવે તે અતિ જરૂરી છે. મૂડીરોકાણ ભથ્થાને મૂડીરોકાણ પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા ઇન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરે સુધી વધારવામાં આવે તે જરૂરી છે. વ્યક્તિગતો માટે ટેક્સ બેનિફિટ પુનઃ શરૂ કરવાની પણ માંગ કરવામાં આવી છે. ખર્ચને તર્કસંગત બનાવવા સીઆઈઆઈએ તમામ સબસિડી બીપીએલ પરિવારો સુધી જ મર્યાદિત કરવાની વાત કરી હતી. સબસિડી ઉપર કઠોર નિયંત્રણોની વાત કરવામાં આવી છે. નિકાસને પ્રોત્સાહન આપવા નિકાસકારોએ વ્યાજ સબસિડી લાભ આપવાની પણ વાત કરી હતી. તમામ પરોક્ષ કરવેરા મુક્તિની પણ વાત કરવામાં આવી હતી.

અલાહાબાદના ગંગા, જમુના અને પૌરાણિક સરસ્વતીના ત્રિવેણી સંગમ સ્થાને યોજાયેલા પરંપરાગત વાર્ષિક માઘ મેળામાં હિન્દુ શ્રધ્ધાળુઓએ માઘ સ્નાન કર્યું હતું. હિન્દુ શાસ્ત્રોકત માન્યતા મુજબ દર વર્ષે પોષ માસમાં યોજાતા આ મેળામાં સ્નાનનો ખૂબ મહિમા છે. માઘ સ્નાનથી શરીર ખડતલ અને મન મકકમ થાય છે તેવી માન્યતા રહેલી છે.

Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે બે વર્ષ પૂર્વે ઉપેન્દ્ર ત્રિવેદી ગાંધીનગર આવેલા. એમણે સળંગ બે કલાક ફિલ્મોની, કિરદારની, ગીત-સંગીતની વાતો કરેલી. એ પછી એમની મે મુલાકાત લીધેલી ત્યારે ગુજરાતી ફિલ્મના સૂર્યાસ્તનો ખાલીપો એમને ડંખતો હતો એ સ્પષ્ટ દેખાતું હતું. એક જમાનામા જે સુપરસ્ટાર ને જોવા-મળવા લાઈન લાગતી. ફિલ્મોની ટીકીટના કાળા બજાર થતાં એવી ગુજરાતી ફિલ્મો બનતી બંધ થઈ જવાની વ્યથાની વાતને એમણે કરી ત્યારે ૭૦-૮૦ નો દાયકો અને ઈસ્ટમેન કલરના પોસ્ટર પર છપાતી ઉપેન્દ્ર ત્રિવેદીને મળ્યાનો - વાત કર્યાનો આનંદ હતો, તો સાથે ગુજરાતી ફિલ્મોના એકમાત્ર સુપરસ્ટારના ઢળતી ઉંમરની વ્યથાથી વ્યથીત પણ થવાયું હતું!!

'માનવીની ભવાઈ' થી 'અભિયન સમ્રાટ' સુધી સમ્રાટની જેમ ગુજરાતી ફિલ્મોના સુપરસ્ટારની વિદાય એ ગુજરાતી ફિલ્મોનો સુવર્ણકાળનો અસ્ત છે.

ચૂંટલો :

ગુજરાતી ફિલ્મો સર્વશ્રેષ્ઠ સમયગાળો એ ઉપેન્દ્ર ત્રિવેદીનો હીરોકાળ હતો એ પછીની ફિલ્મો બ્લોક બસ્ટર બની શકી નથી. ઉપેન્દ્ર ત્રિવેદી ઉપર ૫૦૦ પાનાનું એક પુસ્તક પ્રકાશિત થવાનું છે. નવી જનરેશનને વાંચવા જેવું એમને આશ્ચર્ય થશે કે ગુજરાતી ફિલ્મો આટલી હીટ હતી.

સમાચાર ઝલક

- **સૂરતમાં ૧૬ લાખનો હાર ચોરી જનાર બે મહિલા ચોરને ઓળખી લેવાઈ.**
- **ધ્રાંગધ્રામાં ભગવો ધ્વજ સળગાવી મંદિરમાં તોડફોડ થતાં પથ્થરમારો-તંગદિલી.**
- **શાળાઓમાં 'સંસ્કૃત' વિષય ફરજિયાત બનાવાય તેવી શકયતાઓ.**
- **સાબરકાંઠામાં રોજમદારોની માહિતી માટે તલાટીઓ ઉઘરાણું કરી રહ્યા હોવાની રાવ.**
- **અમદાવાદમાં પ્રણાલિગત આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ઉજવાશે : ૨૯ દેશના ૧૫૦ પતંગબાજ પતંગ ઉડાવશે.**
- **માઈભકત દાતા શ્રી મુકેશ પટેલ દ્વારા સતત ચોથી વાર પાંચ કીલો સોનું અંબાજી મંદિરમાં ચઢાવાયું.**
- **જલાલપુર તાલુકામાં સંતાન વિહોણા દંપતિએ ટ્રેન નીચે આપઘાત કરી લીધો.**
- **દિલ્હીની સરકારી કચેરીઓમાં નવ વાગતાં જ દેખાવા લાગે છે મોદી મેજિક.**
- **ક્રેડીટ કાર્ડ-ડેબીટ કાર્ડનો ચાર્જ ઘટાડવાની શકયતાઓ.**
- **જાન્યુઆરી મહિનો ફિલ્મ નિર્માતાઓ માટે શુભ બનશે.**
- **જમશેદજી તાતાના સન્માનમાં ચલણી સિક્કા બહાર પડશે.**
- **હરિયાણામાં ભીમ મહાબલિ ટ્રાફિક કોન્સ્ટેબલ ૧૫૫ કિલો વજન ધરાવે છે. ૭.૪ ફૂટ ઉંચાઈ છે. દરરોજ છ કલાક કસરત કરે છે.**
- **ફ્લિપ કાર્ટ ફાસ્ટ બનશે. ૩ કલાકમાં ડિલીવરી મળશે.**